જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૨/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૦૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૯	૦	૧૧૭૩૯	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૨૬૬	૭૪	૮૩૪૦	૮૪૨૬૫	૭૦	૮૪૩૩૫
કુલ		૯૯૮૬૭	૭૪	૯૯૯૪૧	૧૦૮૭૯૮	૭૦	૧૦૮૮૬૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૪	૩,૭૪,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૯૦	૪,૯૦,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૦૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૩૪૦ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૨૦૩/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૦૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૩૦૩/૨૦૨૨**

સાબરમતીઃ ઓમકુમારી વા/ઓ ભરતભાઇ રાઠોડ (ઉ.વ.૪૨)(રહે, સરસ્વતીનગર વિભાગ-૦૩, ન્યુ રાણીપ, સાબરમતી) એ તા.૧૩/૦૨/૨૦૨૨ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૨/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી ન્યુ રાણીપ બેંક ઓફ ઇન્ડીયાના એ.ટી.એમ મશીનમાં પૈસા ઉપાડવા સારૂ ઓમકુમારી ગયેલ હતા ત્યારે બે અજાણ્યા ઇસમોએ આવી “પૈસા આવે છે?” તેમ કહી ઓમકુમારીને વિશ્વાસમાં લઇ “પૈસા કાઢી આપુ?” તેમ કહી પૈસા ઉપાડવાના બહાને ઓમકુમારીનુ એ.ટી.એમ કાર્ડ બદલી દઇ, તા.૦૭/૦૨/૨૦૨૨ થી તા.૧૦/૦૨/૨૦૨૨ ના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન અલગ-અલગ ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૨,૦૦,૨૧૭/- ઓમકુમારીના બેંક ખાતામાંથી ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.વાઘેલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૦૪/૨૦૨૨**

નરોડાઃ મુકેશભાઇ જેઠાભાઇ પંચાલ (ઉ.વ.૪૩)(રહે.પટેલ ફળીયુ ગામ.ઉંચીધનાલ તા.ખેડબ્રહ્મા જી.સાબરકાંઠા) તા.૧૩/૦૨/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે નરોડા બેઠક પાસે આવેલ પાલવ હોટલની સામે મુકેશભાઇ બસમાં બેસવા જતા હતા ત્યારે કોઇ અજાણી વ્યક્તિએ મુકેશભાઇની નજર ચુકવી તેમના પેન્ટના ખિસ્સામાંથી પર્સ કે જેમાં અગત્યના દસ્તાવેજો અને રોકડ રૂપિયા ૫૨૦૦/- મુકેલ હતા તે પર્સ મુકેશભાઇની નજર ચુકવી ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની ફરીયાદ મુકેશભાઇ પંચાલ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.